ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સોસાયટી
બિરસા મુંડા ભવન, ૩જો માળ સેક્ટર-૧૦A ગાંધીનગર-382010 Ph. 079-23243749

## જાહેરાત

રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સ્વાયત સંસ્થા ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સોસાયટી સંચાલિત જી.આર.એસ., મોડેલ સ્કુલ અને ઇ.એમ.આર.એસ. શાળાઓમાં તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરારથી આચાર્ય અને શિક્ષકોની નીચે મુજબની જગ્યાઓ ભરવા અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનો પ્રકાર | મહેનતાણું | જગ્યાની સંખ્યા | લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૧૫૦૦૦/- | ૧૦ | માન્ય યુનિવર્સીટી માથી ૬૦% સાથે સ્નાતક, ૬૦% સાથે અનુસ્નાતક અને ૬૦% સાથે B.Ed. તેમજ ૩ વર્ષનો શિક્ષણ કાર્યનો અનુભવ |
| ૨ | ગણિત વિષય શિક્ષક | ૬૦૦૦/- | ૫૫ | માન્ય યુનિવર્સીટી માથી ગણિત વિષયમાં ઓછામા ઓછા ૫૦% સાથે B.Sc. અને ૫૦% સાથે B.Ed. |
| ૩ | અંગ્રેજી વિષય શિક્ષક | ૬૦૦૦/- | ૪૬ | માન્ય યુનિવર્સીટી માથી અંગ્રેજી વિષયમાં ઓછામા ઓછા ૫૦% સાથે B.A. અને ૫૦% સાથે B.Ed. |
| ૪ | વિજ્ઞાન વિષય શિક્ષક | ૬૦૦૦/- | ૫૩ | માન્ય યુનિવર્સીટી માથી વિજ્ઞાન વિષયમાં ઓછામા ઓછા ૫૦% સાથે B.Sc. અને ૫૦% સાથે B.Ed. |
| ૫ | સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષક | ૬૦૦૦/- | ૩૦ | માન્ય યુનિવર્સીટી માથી સામાજિક વિજ્ઞાન વિષયમાં ઓછામા ઓછા ૬૦% સાથે અને B. A. ૬૦% સાથે B.Ed. |
| ૬ | હિન્દી-ગુજરાતી વિષય શિક્ષક | ૬૦૦૦/- | ૪૦ | માન્ય યુનિવર્સીટી માથી હિન્દી-ગુજરાતી બંને વિષયમાં ઓછામા ઓછા ૬૦% સાથે B. A. અને ૬૦% સાથે B.Ed. |
| ૭ | સંસ્કૃત વિષય શિક્ષક | ૬૦૦૦/- | ૩૮ | માન્ય યુનિવર્સીટી માથી સંસ્કૃત વિષયમાં ઓછામા ઓછા ૬૦% સાથે B. A. અને ૬૦% સાથે B.Ed. |
| ૮ | કમ્પ્યુટર વિષય શિક્ષક | ૫૦૦૦/- | ૪૦ | માન્ય યુનિવર્સીટી માથી કમ્પ્યુટર વિષયમાં ૫૦% સાથે B.Sc.IT અથવા BCA અને શિક્ષણ કાર્યનો અનુભવ હોવો જોઇએ. |
| ૯ | મનોવિજ્ઞાન વિષય શિક્ષક(ઉ.મા. વિભાગ) | ૮૦૦૦/- | ૧ | માન્ય યુનિવર્સીટી માથી મનોવિજ્ઞાન વિષયમાં M.A., B. A. B.Ed. ત્રણેય ડીગ્રીમાં ૬૦% સાથે ઉત્તીર્ણ |
| ૧૦ | ભુગોળ વિષય શિક્ષક (ઉ.મા. વિભાગ) | ૮૦૦૦/- | ૧ | માન્ય યુનિવર્સીટી માથી ભુગોળ વિષયમાં M.A., B. A. B.Ed. ત્રણેય ડીગ્રીમાં ૬૦% સાથે ઉત્તીર્ણ |
| ૧૧ | સંસ્કૃત-અંગ્રેજી વિષય શિક્ષક (ઉ.મા. વિભાગ) | ૮૦૦૦/- | ૧ | માન્ય યુનિવર્સીટી માથી સંસ્કૃત અથવા અંગ્રેજી વિષયમાં M.A., તેમજ સંસ્કૃત-અંગ્રેજી સાથે B. A. B.Ed. ત્રણેય ડીગ્રીમાં ૬૦% સાથે ઉત્તીર્ણ |
| ૧૨ | ગુજરાતી- હિન્દી વિષય શિક્ષક (ઉ.મા. વિભાગ) | ૮૦૦૦/- | ૧ | માન્ય યુનિવર્સીટી માથી ગુજરાતી અથવા હિન્દી વિષયમાં M.A.,તેમજ ગુજરાતી- હિન્દી સાથે B. A. B.Ed. ત્રણેય ડીગ્રીમાં ૬૦% સાથે ઉત્તીર્ણ |

- આ તદ્દન હંગામી અને કરાર આધારિત નિમણુંક છે. કાયમી કર્મચારી અંગે ના કોઇ પણ લાભો ઉમેદવારને મળવા પાત્ર થશે નહિ.
- તમામ જગ્યાઓ માટે CCC પ્રમાણપત્ર અનિવાર્ય છે.
- શાળાઓ નિવાસી પ્રકારની હોવાથી શિક્ષકે શાળા સ્થળ પર નિવાસ કરવાનો રહેશે.
- ૧૧ માસના અંતે કામગીરી મુલ્યાંકનને આધારે કરાર લંબાવવામાં આવશે.
- પરીક્ષા કેન્દ્રો આદિજાતિ વસ્તી ધરાવતા ૧૧ જિલ્લાઓમાં અને અમદાવાદ ખાતે રહેશે. પરીક્ષાનો સમય તમામ વિષયોનો એક સાથે જ હોઇ, એક ઉમેદવારે એક જ જગ્યા માટે અરજી કરવાની રહેશે.
- ઉમેદવારની ઉંમર ૩૧/૦૫/૨૦૧૨ ના રોજ ૪૦ વર્ષથી વધુ નહિ તેટલી હોવી જોઇએ.
- લાયક ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવશે જે અંગેની જાણ આપને SMS દ્વારા કરવામાં આવેશે.
- પરીક્ષા આપના જીલ્લામાં કે નજીકના જીલ્લામાં લેવામાં આવશે તેથી સરનામામાં જીલ્લાની વિગત ચોક્કસ ભરવી.

આ ભરતીની વિગતવાર સુચનાઓ માટે અમારી વેબ સાઇટ www.eklavyagujarat.org તેમજ અરજી કરવા www.ojas.guj.nic.in ની મુલાકાત લેવી. અરજી મોકલવાની અંતિમ તારીખ.30/06/2012.

## ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવેલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સોસાયટી માટે શિક્ષકોની ભરતી કરવા બાબત.

ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવેલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સોસાયટી દ્વારા સંચાલિત શાળાઓ નિવાસી પ્રકારની શાળાઓ છે. જેમા શિક્ષકો એ શાળા સ્થળે જ નિવાસ કરવો ફરજિયાત છે. તેમજ શિક્ષણ સિવાયની વિદ્યાર્થીઓની સંભાળની જવાબદારી પણ શિક્ષકો અને આચાર્યએ બજાવાની રહેશે. તેમજ અન્ય વિગતવાર સુચનાઓ નીચે મુજબ છે.

- આ તદ્દન હંગામી અને કરાર આધારિત નિમણુંક છે ઉમેદવારો ને કાયમી અંગેના કોઇ લાભ મળવા પાત્ર થશે નહિ.
- કરારની મુદત ૧૧ માસની રહેશે.
- વ્યવસ્થાપનને જરૂર જણાયે કોઇ પણ તબક્કે ભરતીની પ્રક્રિયા મોકુફ રાખી શકશે.
- તમામ ઉમેદવારો માટે વય મર્યાદા ૩૧/૦૫/૨૦૧૨ના રોજ ૪૦ વર્ષથી વધુ નહિ તેટલી હોવી જોઇએ.
- તમામ ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવશે અને તેના આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરી ખાલીજગ્યાઓ ધ્યાને લઇ ભરતી કરવામાં આવશે.
- દરેક ટ્રાયબલ જીલ્લમાં કોઇ એક કેન્દ્ર ખાતે લેખિત પરીક્ષા લેવામાં આવશે.
- જો કોઇ જીલ્લામાં ઓછા ઉમેદવારો હશે તો તેમને આજુ-બાજુના કેન્દ્રોમાં લેખિત પરીક્ષા આપવાની રહેશે. કેન્દ્રની ફાળવણી આપના દ્વારા અપાયેલ સરનામાં ને ધ્યાનમાં રાખી નજીકના કેન્દ્રમાં કરવામાં આવશે. પરીક્ષા આપવા આવનાર ઉમેદવારને કોઇ પણ પ્રકારનુ ભથ્થુ મળવા પાત્ર થશે નહિ.
- આપની પરીક્ષાની વિગત મોબાઇલમાં SMS દ્વારા મોકલવામાં આવશે તેથી મોબાઇલ નંબર લખવો જરૂરી છે.
- દરેક વિષયની પરીક્ષા એક જ સમયે લેવામાં આવશે તેથી ઉમેદવારો એ કોઇ પણ એક જ જગ્યા માટે અરજી કરવી.
- પરીક્ષાનું પેપર કુલ ૧૦૦ ગુણનું રહેશે, જેમા ૫૦ ગુણ સબંધીત વિષયના પ્રશ્નો, ૨૫ ગુણ એપ્ટીટ્યુડ કસોટી અને ૨૫ ગુણ જનરલ નોલેજના રહેશે.
- પરીક્ષા OMR પધ્ધતિથી લેવામાં આવશે.

1) આચાર્ય:- આચાર્યની પોસ્ટ માટે ઉમેદવાર પાસે ઓછામાં ઓછો 3 વર્ષનો શિક્ષણ કાર્યનો અનુભવ હોવો ફરજિયાત છે. તેમજ સ્નાતક, અનુસ્નાતક અને બી.એડ. એમ ત્રણેય ડીગ્રીમાં ઓછામાં ઓછા ૬૦% સાથે પાસ કરેલ હોવી જોઇએ.

2) ગણિત:- ગણિત વિષયમાં અરજી કરવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે B.Sc. અને B.Ed. બંને પાસ કરેલ હોવી જોઇએ છે. તેમજ મુખ્ય વિષય ગણિત સાથે જ B.Sc. પાસ કરેલ હોય તેવા ઉમેદવારો એ જ અરજી કરવી.

3) વિજ્ઞાન:- વિજ્ઞાન વિષયમાં અરજી કરવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે B.Sc. અને B.Ed. બંને પાસ કરેલ હોવુ ફરજિયાત છે. તેમજ મુખ્ય વિષય વિજ્ઞાન સાથે જ B.Sc. પાસ કરેલ હોય તેવા ઉમેદવારો એ જ અરજી કરવી.

4) અંગ્રેજી:- અંગ્રેજી વિષયમાં અરજી કરવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે B.A. અને B.Ed. બંને પાસ કરેલ હોવુ ફરજિયાત છે. તેમજ મુખ્ય વિષય અંગ્રેજી સાથે જ B.A. પાસ કરેલ હોય તે ઉમેદવારો એ જ અરજી કરવી.

5) સામાજિક વિજ્ઞાન:- જે ઉમેદવારો એ સામાજિક વિજ્ઞાન મુખ્ય વિષય તરીકે રાખી ઓછામા ઓછા ૬૦% સાથે B.A. તેમજ B.Ed. બંને કરેલ હોય તેવા ઉમેદવારો એ જ અરજી કરવી.

6) હિન્દી-ગુજરાતી:- જે ઉમેદવારોએ B.A. મા મુખ્ય વિષય તરીકે હિન્દી અને ફરજિયાત વિષય ગુજરાતી કે, મુખ્ય વિષય ગુજરાતી અને ફરજિયાત વિષય હિન્દી રાખેલ હોય અને B.A. તેમજ B.Ed. બંને માં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારો એ જ અરજી કરવી.

7) સંસ્કૃત:- જે ઉમેદવારો એ સંસ્કૃત મુખ્ય વિષય તરીકે રાખી ઓછામા ઓછા ૬૦% સાથે B.A. તેમજ B.Ed. બંને કરેલ હોય તે ઉમેદવારો એ જ અરજી કરવી.

8) કમ્પ્યુટર:- જે ઉમેદવારે ૫૦% કે તેથી વધુ ગુણ સાથે B.Sc.-IT અથવા ૫૦% સાથે BCAની ડીગ્રી મેળવેલ હોય તેવા ઉમેદવારો એ જ અરજી કરવી તેમજ શિક્ષણ કાર્ય નો અનુભવ હોવો જોઇએ.

9) મનોવિજ્ઞાન:- જે ઉમેદવારો એ મનોવિજ્ઞાન મુખ્ય વિષય તરીકે રાખી ઓછામા ઓછા ૬૦% સાથે M.A. તેમજ ૬૦% સાથે B.A. કરેલ હોય અને ૬૦% સાથે B.Ed. કરેલ હોય એમ ત્રણેય ડીગ્રીમાં ૬૦% હોય તેમજ મુખ્ય વિષય મનોવિજ્ઞાન હોય તે ઉમેદવારો એ જ અરજી કરવી.

10) ભુગોળ :- જે ઉમેદવારો એ ભુગોળ મુખ્ય વિષય તરીકે રાખી ઓછામા ઓછા ૬૦% સાથે M.A. તેમજ ૬૦% સાથે B.A. કરેલ હોય અને ૬૦% સાથે B.Ed. કરેલ હોય એમ ત્રણેય ડીગ્રીમાં ૬૦% હોય તેમજ મુખ્ય વિષય ભુગોળ હોય તે ઉમેદવારો એ જ અરજી કરવી.

11) સંસ્કુત-અંગ્રેજી:- જે ઉમેદવારોએ M.A. માં મુખ્ય વિષય તરીકે સંસ્કુત અથવા અંગ્રેજી રાખેલ હોય અને ૬૦% ગુણ સાથે પાસ કરેલ હોવુ જોઇએ. B.A. મા મુખ્ય વિષય તરીકે સંસ્કૃત અને ફરજિયાત

વિષય અંગ્રેજી કે, મુખ્ય વિષય અંગ્રેજી અને ફરજિયાત વિષય સંસ્કૃત રાખેલ હોય અને B.A. મા ૬૦% કે તેથી વધુ તેમજ B.Ed.માં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારો એ જ અરજી કરવી.

12) ગુજરાતી-હિન્દી:- જે ઉમેદવારોએ M.A. માં મુખ્ય વિષય તરીકે ગુજરાતી અથવા હિન્દી રાખેલ હોય અને ૬૦% ગુણ સાથે પાસ કરેલ હોવુ જોઇએ. B.A. મા મુખ્ય વિષય તરીકે હિન્દી અને ફરજિયાત વિષય ગુજરાતી કે, મુખ્ય વિષય ગુજરાતી અને ફરજિયાત વિષય હિન્દી રાખેલ હોય અને B.A. મા ૬૦% કે તેથી વધુ તેમજ B.Ed.માં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારો એ જ અરજી કરવી.